ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

સાબરકાંઠા - અરવલ્લી

હિંમતનગર । મોડાસા । બાયડ । ભીલોડા । ખેડબ્રહ્મા । તલોદ । શામળાજી । પ્રાંતિજ । ધનસુરા । પોશીના । હરસોલ । ઈડર । વિજયનગર । માલપુર । મેઘરજ । વડાલી । ખંભીસર

# બેધારી નીતિ સામે રોષ : ઉત્તર ગુજરાતના ખાનગી શાળા સંચાલકો શાળાઓ શરૂ કરવા માટે આજથી મોરચો માંડશે

### સામૂહીક રજુઆતો કરવાનો નિર્ણય, જરૂર પડે ખાનગી શાળા સંચાલકો આંદોલન કરશે

રાજ્યની ભાજપ સરકારના કોરોના સમયના અનેક નિર્ણયોની પ્રસંશા થઈ પરંતુ શિક્ષણ ક્ષેત્રે લેવાયેલા મોટાભાગના નિર્ણયોમાં વાલીઓ, કેળવણીકારો, શાળા સંચાલક મંડળો, આચાર્યો અને શિક્ષક સંઘોમાં નારાજગી જોવા મળી છે. સમગ્ર ગુજરાત અનલૉક કરાયું છે. તાજેતરમાં જ સરકાર દ્વારા ટ્યુશન ક્લાસ શરૂ કરવા મંજૂરી આપી, ધો.૧૨ ના વર્ગો એસ.ઓ.પી. આધારે ૧૫ જુલાઈથી શરૂ થઈ ગયા છે. આ સંજોગોમાં ખાનગી શાળાના સંચાલકોએ ટ્યુશન કલાસ શરૂ કરવા મંજૂરી તો પછી શાળાઓ શરૂ કરવા માટે કેમ નહીં..?? તેવો સવાલ ઉઠાવી શિક્ષણ વિભાગ સામે મોરચો માંડવાનો નિર્ણય કર્યો છે. કારણ કે ખાનગી શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ નહીં થાય ત્યાં સુધી બાકી ફી વાલીઓ ભરશે નહીં. ખાનગી શાળા સંચાલકો છેલ્લા ૧૬ મહિના દરમ્યાન પાયમાલ થઈ ગયા છે જેથી શાળાઓ શરૂ કરવાની માંગ સાથે આજે સોમવારથી જિલ્લા તેમજ રાજ્ય કક્ષાએ સામૂહીક રજૂઆતો થશે અને તેમ છતાં પણ શાળાઓ શરૂ કરવા માટે યોગ્ય નિર્ણય નહીં લેવાય તો રાજ્યમાં આંદોલન કરવાની પણ તૈયારી કરવામાં આવી છે.

કોરોનાની બીજી લહેર લગભગ સમાપ્ત થઈ ગયા જેવી સ્થિતિ છે. ઑગષ્ટ, સપ્ટેમ્બરમાં ત્રીજી લહેરની આશંકા ડૉક્ટરો અને વૈજ્ઞાનિકોએ વ્યકત કરી છે. કોરોનાનું સંક્રમણ ઘટ્યા પછી સરકાર દ્વારા ટ્યુશન ક્લાસીસ શરૂ કરવાની છૂટ આપવામાં આવી પરંતુ શાળાઓ શરૂ કરવા માટે યોગ્ય નિર્ણય લેવાયો નથી. ખાનગી શાળાના સંચાલકોએ સરકાર દ્વારા ટ્યુશન ક્લાસીસ સાથે શેરી શાળાઓ શરૂ કરવાની છૂટ આપી તો પછી ધો.૯ થી ૧૨ ની શાળાઓ ખોલવા માટે કેમ નિર્ણય લેવાયો નથી..?? ટ્યુશન ક્લાસીસમાં ગંભીર દુર્ઘટનાઓ સર્જાઈ અને સરકારની મોટાપાયે બદનામી થઈ અને તેમાં સ્પષ્ટ જોવા મળ્યું કે ટ્યુશન ક્લાસીસમાં સવલતનો અભાવ હતો તેની સરખામણીએ ખાનગી શાળાના સંચાલકોએ શિક્ષણ સંકુલ સુવિધાયુકત, હવા-ઉજાસવાળા ઓરડા નિર્માણ કરાવ્યા છે અને શાળાઓ શરૂ થાય તો વિદ્યાર્થીઓ તેમજ કર્મચારીઓને પણ સંક્રમણ થવાની સંભાવના નહીંવત છે. કોવિડ ગાઈડલાઈનનો અમલ કરવાની પણ ખાત્રી આપવા છતાં સરકારે ધો.૯ થી ૧૨ નું શિક્ષણ શરૂ નહીં કરવાની જીદ સામે હવે ખાનગી શાળાના સંચાલકો પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે આરપારનો જંગ લડશે કારણ કે વાલીઓ છેલ્લા દોઢ વર્ષથી બાકી ફી આપતા નથી. સરકારે અગાઉ ૨૫ ટકા ફી માફ કરી ખાનગી શાળા સંચાલકોને વેતરી નાખ્યા છે અને એકપણ પૈસાની આવક ન હતી છતાં કર્મચારીઓને દર મહિને લાખોના પગાર કરી અત્યારે વ્યાજે લીધેલા પૈસાનું ચૂકવણી કરી રહ્યા છે. આ સંજોગોમાં તાત્કાલિક ખાનગી શાળાઓ શરૂ કરવાની શાળા સંચાલકોએ માંગ કરી છે.

### ડી.ઈ.ઓ.ને આવેદનપત્ર આપી શાળાઓ ખોલવા રજૂઆત કરીશું : અરવલ્લી જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ

રાજ્યમાં સરકાર દ્વારા ટ્યુશન ક્લાસ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે પરંતુ ધો.૯ થી ૧૨ ના વર્ગો શરૂ કરવાનો નિર્ણય ન કરતાં ખાસ કરીને સ્વનિર્ભર શાળા સંચાલકોમાં રોષ વ્યાપ્યો છે. અરવલ્લી જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ અતુલભાઈ બી. પટેલ, મહામંત્રી મનિષભાઈ પટેલ વગેરેએ જણાવ્યું છે કે આજે દરેક જિલ્લામાં સ્વનિર્ભર શાળા સંચાલકો શાળાઓ ખોલવા મુદ્દે ડી.ઈ.ઓ.ને આવેદનપત્ર આપશે અને ત્યારબાદ યોગ્ય માંગ નહીં સ્વીકારાય તો જલદ કાર્યક્રમોનું ટૂંકમાં આયોજન કરાશે.

# આવતી કાલથી ચાતુર્માસ : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં લગ્ન તેમજ અન્ય માંગલિક પ્રસંગો ઉપર બ્રેક

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

આવતી કાલ મંગળવારથી ચાતુર્માસ શરૂ થઈ રહ્યો છે. શાસ્ત્રોમાં ચાતુર્માસનું પણ આગવું મહત્વ વર્ણવવામાં આવ્યું છે. હિન્દુ સમુદાયમાં દેવપોઢી એકાદશી અને દેવઉઠી એકાદશીના સમયગાળાને ચાતુર્માસ તરીકે ઓળખાય છે. ચાતુર્માસની શરૂઆત સાથે જ લગ્ન સહિતના શુભ પ્રસંગો ઉપર બ્રેક વાગશે જેના કારણે તેની બજાર ઉપર પણ વિપરીત અસર થશે. આ વર્ષે ૧૧૮ દિવસના ચાતુર્માસ હોવાનું જાણવા મળ્યું છે.

ભારત દેશમાં આસ્થાનું આગવું મહત્વ રહેલું છે અને તેના કારણે આસ્થાની પરંપરા જાળવવા કરફ્યું વચ્ચે જાણીતા સ્થળોએ રથયાત્રાના આયોજન થયા હતા. સમસ્ત જૈન સમાજ માટે પણ ચાતુર્માસનું વિશેષ મહત્વ રહ્યું છે. જૈન સમાજના ચાતુર્માસ ૨૩ જુલાઈથી શરૂ થશે. દરેક જૈન સાધુ-સાધ્વિજીઓનો ચાતુર્માસ આ દિવસે પ્રવેશ થશે અને ગુરૂ ભગવંતોની નિશ્રામાં ચાતુર્માસ ધર્મ આરાધના શરૂ થશે. અષાઢ સુદ પુનમથી કારતક સુદ-પુનમ સુધી તેઓ એક જ સ્થાનકમાં બિરાજમાન થઈ ચાતુર્માસ કરશે. ચાતુર્માસ શરૂ થતાં ખાસ કરીને જૈન સમાજમાં તેની વિશેષ પૂંજાઓ અને સંકલ્પ લેવાતા હોય છે. જ્યારે અન્ય હિન્દુ સમાજ ચાતુર્માસ શરૂ થાય એટલે દેવપોઢી ગયા તેવી વર્ષોથી ચાલી આવતી માન્યતાને અનુસરીને લગ્ન, ગૃહ પ્રવેશ અને અન્ય શુભ કાર્યો કરશે નહીં. પરંતુ હવે નવી પેઢીમાં મોટો બદલાવ આવ્યો છે તેઓ ચાતુર્માસ હોય, હોળાષ્ટક હોય કે સામી ઉત્તરાયણ હોય તો પણ શુભ પ્રસંગને પાર પાડતા હોય છે છતાં વર્ષોથી ચાલી આવતી આ પરંપરામાં અનેક લોકો જોડાતા હોય છે. કહેવત છે કે ભગવાન વિષ્ણુ ચાતુર્માસમાં યોગ નિંદ્રામાં રહેતા હોય છે. આ દરમ્યાન સંત અને સામાન્ય લોકો ધર્મ, કર્મ, પૂજા-પાઠ અને આરાધનામાં ચાતુર્માસનો સમય વિતાવે છે. ભગવાન વિષ્ણુ પોઢી જાય એટલે સૃષ્ટીની સંભાળ ભગવાન શિવજી પાસે રહે છે તેવી દ્રઢ માન્યતા છે.

## બાયડ-આમોદરા પરમાર પરિવારનું ગૌરવ



બાયડ : બાયડની રવિપાર્ક સોસાયટીમાં રહેતા, આમોદરા ગામના કનુભાઈ પરમાર(મુખ્ય શિક્ષક : પાતેરા પ્રા.શાળા) અને જયશ્રીબેન પરમાર(આંગણવાડી કાર્યકર)ની પુત્રી કુ.રાજવી પરમારે ચાલુ સાલે લેવાયેલ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ બોર્ડ પરીક્ષામાં ૯૬.૬૪ પર્સન્ટાઈલ રેન્ક સાથે ઉત્તિર્ણ થઈ પરમાર પરિવાર, રવિપાર્ક સોસાયટી-બાયડ અને સહજાનંદ સ્કુલ ઓફ એચીવર્સ-સરગાસણ, ગાંધીનગરનું ગૌરવ વધારતાં સૌએ અભિનંદન પાઠવ્યા હતા. તેણીએ ધો.૧૦ બોર્ડ પરીક્ષામાં પણ ૯૯.૨૩ પર્સન્ટાઈલ રેન્ક મેળવીને તે સમયે તક્ષશિલા વિદ્યાલય-બાયડનું ગૌરવ વધાર્યું હતું.

## બાયડ-આકરૂન્દ ગામનું ગૌરવ



બાયડ : બાયડની સહજાનંદ પાર્ક સોસાયટીમાં રહેતા સ્વ.જીતેન્દ્રકુમાર ભીખાભાઈ પટેલ અને ભાવનાબેન પટેલની પુત્રી કુ.આસ્થા પટેલે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ બોર્ડ પરીક્ષામાં ૮૫.૩૩ પર્સન્ટાઈલ રેન્ક સાથે ઉત્તિર્ણ થઈ બાયડ તેમજ આકરૂન્દ ગામ અને આંજણા પાટીદાર સમાજ તથા બાયડ હાઈસ્કુલનું ગૌરવ વધારતાં સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

## બાયડ બ્રહ્મ સમાજનું ગૌરવ



બાયડ : બાયડની વલ્લભનગર સોસાયટીમાં રહેતા મહેશભાઈ ઉપાધ્યાય અને નિતાબેન ઉપાધ્યાય (મુખ્ય શિક્ષક : વલ્લભનગર પ્રા.શાળા)ની પુત્રી કુ.ભાવિ ઉપાધ્યાયે ચાલુ સાલે લેવાયેલ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ બોર્ડ પરીક્ષામાં ૭૮.૨૪ પર્સન્ટાઈલ રેન્ક સાથે ઉત્તિર્ણ થઈ સમસ્ત બ્રહ્મ સમાજ તેમજ બાયડ હાઈસ્કુલનું ગૌરવ વધારતાં સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

## બાયડ પટેલ સમાજનું ગૌરવ

બાયડ : બાયડની વ્રજગાર્ડન સોસાયટીમાં રહેતા સ્વ. દિલીપભાઈ નાથાભાઈ પટેલ



અને જયશ્રીબેન પટેલની પુત્રી કુ.પલાસ (લાડુ) પટેલે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ બોર્ડ પરીક્ષામાં ૯૫.૦૩ પર્સન્ટાઈલ રેન્ક સાથે ઉત્તિર્ણ થઈ બાયડ તેમજ આકરૂન્દ ગામ, આંજણા પાટીદાર સમાજ અને તક્ષશિલા વિદ્યાલય-બાયડનું ગૌરવ વધારતાં સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

# પુત્રના મોત અંગે શંકા : વિરપુરમાં કુહાડીથી હુમલો, એકને બોરડીના ઝાડ સાથે બાંધ્યો

### વિજયનગર પોલીસે ૩ જણ વિરૂદ્ધ ગુનો નોંધ્યો

બાયડ તા.૧૮

વિજયનગર તાલુકાના વિરપુરના ડાભી પરિવારના પુત્રના મોત અંગે શક રાખી આરોપી પતિ-પત્નિએ ગાળો બોલી, કુહાડી વડે હુમલો કરી એક જણને બોરડીના ઝાડ સાથે બાંધી ગેરકાયદેસર અટકાયત કર્યા અંગેની ફરિયાદ વિજયનગર પોલીસ સ્ટેશને પહોંચતાં પોલીસે ૩ જણ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોએ આપેલી વિગતો અનુસાર વિરપુર ગામના લક્ષ્મણભાઈ બચુભાઈ ડાભીના દિકરાનું મોત થયું હતું અને તેના મોત અંગે રાજેશભાઈ લાલજીભાઈ કોટક(રહે.વિરપુર) તેમજ નાનજી થાવરાજી ખરાડી(રહે.પીપલવાડા-રાજસ્થાન) ઉપર શક રાખી ગાળા ગાળી કરી હતી. આરોપી નાનજી ખરાડીને કુહાડીની મુદ્દલ મારી ઈજા પહોંચાડી હતી તેમજ તેને બોરડીના ઝાડ સાથે બાંધી ગેરકાયદે અટકાયત કરી હતી. ગત તા.૯ જુલાઈનો બનાવ હતો પરંતુ પોલીસે સામાજીક સમાધાન થઈ જશે તેવું લાગતાં ફરિયાદ લેવામાં વિલંબ કર્યો હતો પરંતુ કોઈ સમાધાન ન થતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. જ્યાં વિજયનગર પોલીસે આરોપી લક્ષ્મણ બચુભાઈ ડાભી, સુમિત્રાબેન ડાભી તથા પાર્થ લક્ષ્મણભાઈ ડાભી(તમામ રહે.વિરપુર) વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# સાબરકાંઠા, અરવલ્લીમાં અસહ્ય ઉકળાટથી વિજ માંગમાં ધરખમ વધારો

### માંગ વધતાં વીજળીના ધાંધિયા, જ્યોતિગ્રામમાં સમાવિષ્ટ ગામડાઓમાં આવ-જા કરતી વીજળી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદ ખેંચાયા પછી વાતાવરણમાં અસહ્ય ઉકળાટથી પ્રજા ત્રાહીમામ પોકારી ગઈ છે ઉનાળાની જેમ રાત-દિવસ ઠંડક આપતા ઉપકરણો ધમધમવા લાગ્યા છે જેના કારણે વિજ માંગમાં ધરખમ વધારો થયો છે. વિજ માંગ વધવાની સાથે હમણાંથી વીજળીના ધાંધિયા શરૂ થયા છે જેમાં જ્યોતિગ્રામ યોજનામાં સમાવિષ્ટ ગામડાઓમાં પણ વીજળીની આવ-જા થતાં પ્રજા અકળાઈ છે. બંન્ને જિલ્લામાં ભરચોમાસે ઉનાળા જેવી વીજળીની માંગ ખુદ યુ.જી.વી.સી.એલ.ના કર્મચારીઓ દબાતા સૂરે બોલી રહ્યા છે પરંતુ અધિકારીઓ દૈનિક વિજ પુરવઠામાં કેટલો વધારો થયો..?? તે કહેવા તૈયાર નથી.

સામાન્ય દિવસોમાં વીજળીને લગતી સમસ્યા ઉભી થાય તો પ્રજા અધીરી બની જતી હોય છે. તેમાંય ચોમાસાની સીઝનમાં વિજ તંત્ર અને વિજ ગ્રાહકોના સંયમની ખરી પરીક્ષા થતી હોય છે. વરસાદ અને વાવાઝોડાના આગમન ટાણે વિજ પોલ ધરાશાયી થવા, વિજ લાઈન ઉપર વૃક્ષ તૂટી પડવાં સહિતની સમસ્યાઓથી કલાકોના કલાકો સુધી વિજ પુરવઠો ખોરવાયેલો રહેતો હોય છે. ચોમાસાની સીઝન માંડ શરૂ થઈ છે ત્યાં જિલ્લામાં વીજળીની સમસ્યાઓ વધવા ઉપરાંત વિજ માંગમાં જબ્બર વધારો થયો છે. જિલ્લાના ૧૪ તાલુકાઓમાં વરસાદ ખેંચાયા પછી ઉનાળાની અનુભૂતિ થતાં ઠંડક આપતા ઉપકરણો ધમધમવા લાગ્યાં છે. અનલૉક પછી વીજળીથી ચાલતા નાના ઉદ્યોગો શરૂ થયા તેની સાથે દૈનિક વિજ પુરવઠાની માંગ વધી છે. છેલ્લા એક સપ્તાહથી કાળઝાળ ગરમીનો માહોલ ઉભો થતાં શહેરી વિસ્તારથી માંડી ગ્રામ્ય વિસ્તારોમાં વીજળીની માંગ ધરખમ રીતે વધી છે. જ્યારે વાવેતર બચાવવા માટે ખેડૂતોએ પણ સિંચાઈનાં પાણી આપવાની શરૂઆત કરતાં વીજળીને લગતી સમસ્યાઓ વધુ જોવા મળી રહી છે.

### અધિકારીએ ફોન ઉપાડવાનું ટાળ્યું

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ભરચોમાસે ઉનાળા જેવો માહોલ વરસાદ ખેંચાવવાથી ઉભો થયો છે. રાત-દિવસ ઠંડક આપતાં ઉપકરણો ધમધમતાં દૈનિક વીજળીની જરૂરીયાતમાં વધારો થયો છે. ખેતી ક્ષેત્રે પણ વાવેતર બચાવવા માટે સબમર્શિબલ પંપ ફરતા થયા છે. યુ.જી.વી.સી.એલ.ના અધિક્ષક ઈજનેર પી.સી.શાહનો આ અંગે સંપર્ક કરી દૈનિક વિજ પુરવઠામાં કેટલો વધારો થયો છે તેની પૃચ્છા કરવા માટે સંપર્ક કરવામાં આવ્યો પરંતુ કોઈપણ કારણોસર ફોન ઉપાડવાનું ટાળી દીધું હતું.

# ઉત્તર ગુજરાતમાં ઈંધણના ભાવ વધારાથી ટ્રાન્સપોર્ટરોએ ભાડાં વધાર્યાં

### જીવન આવશ્યક ચીજવસ્તુઓ વધુ મોંઘી બનશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

ઉત્તર ગુજરાતમાં છેલ્લા ૩ મહિનાથી પેટ્રોલ-ડીઝલના ભાવ સતત વધી રહ્યા છે જેના કારણે જીવન આવશ્યક ચીજવસ્તુઓમાં મોંઘવારી કુદકા લઈ રહી છે. ડીઝલના ભાવ લીટરે રૂા.૯૭ સુધી પહોંચતાં ૫ જિલ્લાના ૧૫૦૦ થી વધુ ટ્રાન્સપોર્ટરોએ ભાડામાં ૧૦ થી ૧૫ ટકાનો વધારો કર્યો છે. ટ્રાન્સપોર્ટના ભાડામાં વધારો થવાથી આગામી સમયમાં જીવન આવશ્યક ચીજવસ્તુઓ મોંઘી થવાની દહેશત છે.

કોરોનાની બીજી લહેર પછી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કમરતોડ વધારો થયો છે. વધતા ભાવથી પરીવહન અને ટ્રાન્સપોર્ટેશન વ્યવસાય સાથે જોડાયેલા ધંધાર્થીઓની હાલત કફોડી બની રહી છે. પેટ્રોલ-ડીઝલના ભાવ સતત વધવાથી ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના ટ્રાન્સપોર્ટરો અત્યંત કફોડી સ્થિતિમાં મૂકાઈ ગયા પછી હવે ભાડાં વધારવા માટે મજબૂર બન્યા છે. ટ્રાન્સપોર્ટરોએ ભાડાના દરમાં ૧૦ થી ૧૫ ટકાનો વધારો લેવાની શરૂઆત કરી છે જેના કારણે હવે શાકભાજી, ફળફળાદી સહિતની ચીજવસ્તુઓ વધુ મોંઘી બને તો નવાઈ પામવા જેવું નહીં હોય. કપરા કોરોનાકાળમાં ઈંધણના અસહ્ય ભાવ વધારાથી અનેક ટ્રાન્સપોર્ટરોને મરણતોલ ફટકો પડ્યો છે જેના કારણે કેટલાકે તો ટ્રાન્સપોર્ટનો ધંધો છોડી અન્ય વ્યવસાય અપનાવી લીધો છે. ડીઝલના ભાવ વધતા અટકાવવા માટે કેન્દ્ર સરકાર જી.એસ.ટી. હેઠળ તેનો સમાવેશ કરે તો ડીઝલના ભાવમાં ૧ લીટરે ૨૮ રૂા. સુધીનો ઘટાડો થઈ શકે તેમ હોવાનું ટ્રાન્સપોર્ટરો બોલી રહ્યા છે પરંતુ હાલની સ્થિતિએ ઈંધણના ભાવ વધતાં ટ્રાન્સપોર્ટરોને ભાડામાં વધારો કરવાની ફરજ પડી છે.

# અરવલ્લી જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં પુરવઠા-ગ્રાહક સુરક્ષા સમિતિની બેઠક યોજાઈ

### પ્રજાજનોને અનુકુળ હોય તે પ્રકારે કામગીરીની વ્યવસ્થા કરવા સૂચના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

અરવલ્લી જિલ્લા કલેક્ટર નરેન્દ્રકુમાર મીણાની અધ્યક્ષતામાં જિલ્લા નાગરિક પુરવઠા તેમજ મહિલા સુરક્ષા સમિતિ ઉપરાંત પોલીસ સલાહકાર સમિતિની સંયુક્ત બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોડાસા, ભિલોડા અને બાયડના ધારાસભ્ય સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં શનિવારે જિલ્લા પુરવઠા, ગ્રાહક સુરક્ષા સમિતિની બેઠક ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજવામાં આવી હતી જેમાં જિલ્લા કલેક્ટર દ્વારા પ્રજાને અનુકુળ આવે તેવા પ્રકારની કામગીરીની વ્યવસ્થા કરવા માટે સૂચના આપી હતી. બેઠકમાં પુરવઠાને લગતા પ્રશ્નો ઉપરાંત કાયદો વ્યવસ્થાની સ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ ચૌહાણ, ભિલોડાના ધારાસભ્ય ડૉ.અનિલ જોષીયારા, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલ, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, જિલ્લા અધિક નિવાસી કલેક્ટર પ્રદીપસિંહ રાઠોડ, જિલ્લા આરોગ્ય અધિકારી શ્રીમાળી, મોડાસા, બાયડ પ્રાંત અધિકારી તેમજ આર.ટી.ઓ. અધિકારી જિલ્લા બાળ સુરક્ષા અધિકારી ડૉ.દિલીપસિંહ, જિલ્લા પુરવઠા અધિકારી એમ. કે. ડોડીયા સહિત અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજવામાં આવી હતી જેમાં પુરવઠાને લગતા મુદ્દા પુરવઠા વિભાગ દ્વારા જિલ્લા કલેક્ટર સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. જૂન-૨૦૨૧ ના અનાજ વિતરણ, કેરોસીનની ફાળવણી, વિતરણના પ્રમાણમાં થયેલ ફેરફાર તેમજ બંધ થયેલ વ્યાજબી ભાવની દુકાનના જાહેરનામા બહાર પાડવા અંગેની ચર્ચા કરવામાં આવી હતી. આ સાથે જિલ્લામાં કાયદો વ્યવસ્થા સૂચારૂરૂપ જળવાઈ રહે તે માટે

# ઉંચીધનાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હસ્તકના પાદરડી ગામમાં ૧૦૦ ટકા રસીકરણ

### આરોગ્ય વિભાગના પ્રયત્નોથી આદિવાસી વિસ્તારમાં સફળ રસીકરણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

ખેડબ્રહ્મા તાલુકામાં રસીકરણનો લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે આરોગ્ય વિભાગ દ્વારા અધિકારી દ્વારા ૧૦૦ ટકા રસીકરણ માટે પંચાયતને સહાય આપવાની જાહેરાત કરવામાં આવ્યા પછી પાદરડી ગામમાં હોવાના કારણે ખુદ ઉચ્ચ અધિકારીઓને રસીકરણનો લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે દોડવું પડ્યું છે. ખેડબ્રહ્માના ઉંચીધનાલ



એડીટોચનું જોર લગાવવામાં આવી રહ્યું છે. તાલુકાના ઉંચીધનાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હસ્તકના પાદરડી ગામે મેડીકલ ઓફીસર ડૉ.હર્શિદા નાયક, આરોગ્ય સ્ટાફ તેમજ ગ્રામજનોના સહકારથી કોરોના રસીનો ૧૦૦ ટકા લક્ષ્યાંક પૂર્ણ કરવામાં આવ્યો છે. આદિવાસી વિસ્તારોમાં રસીકરણને નબળો પ્રતિસાદ મળ્યો હતો જેથી સાબરકાંઠા જિલ્લા વિકાસ ૧૦૦ ટકા રસીકરણ થતાં ગ્રામજનોને મળવાપાત્ર લાભ મળી શકે છે.

કોરોનાની બીજી લહેર ઘાતક સાબિત થયા પછી શિક્ષિત લોકોમાં રસી અંગે જાગૃતતા આવી છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં રસી લેવા માટે ભારે ધસારો જોવા મળી રહ્યો છે પરંતુ જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં હજુ પણ રસી અંગે પ્રજા ગેરમાન્યતામાં રાચી રહી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સમાવિષ્ટ પાદરડી ગામના ગ્રામજનોને કોરોના રસીથી સુરક્ષિત કરવા માટે સ્થાનિક આરોગ્ય વિભાગ દ્વારા લોકોમાં જાગૃતિ આવેતેવા પ્રયાસ કરવામાં આવ્યા હતા. ઘરે ઘરે જઈ રસીના ફાયદા સમજાવી લોકોમાંથી રસીનો ડર દૂર કરવામાં આવતાં આરોગ્ય વિભાગનો ૧૦૦ ટકા રસીનો લક્ષ્યાંક પરીપૂર્ણ થયો છે.

## માનવાવના જંગલ વિસ્તારમાંથી માનવ હાડપીંજર મળતાં ચકચાર

માલપુર તાલુકાના માનવાવ (ટીસ્કી)ના જંગલ વિસ્તારમાંથી માનવ હાડપીંજર મળી આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી છે. જંગલ વિસ્તારમાં તિવ્ર દુર્ગંધ ફેલાયા પછી તપાસ કરતાં ખોપરી, કરોડરજ્જુ સહિતના અસ્થિ અવશેષો સાથે કંકાલ મળી આવતાં મોતનું રહસ્ય ઘૂંટાયું છે. બનાવ અંગે માલપુર પોલીસે એડી નોંધી તપાસ હાથ ધરી છે. જંગલ વિસ્તારમાંથી અજાણી લાશો મળી આવ્યા પછી તેના ભેદ હજી સુધી ઉકેલાયા નથી ત્યાં માલપુર તાલુકાના માનવાવ જંગલ વિસ્તારમાંથી માનવ હાડપીંજરે અનેક રહસ્ય ઉભા કર્યા છે. કેટલાક દિવસોથી જંગલ વિસ્તારની હદમાં જાળીઝાંખરાં વચ્ચેથી માથું ફાટી જાય તેવી તિવ્ર દુર્ગંધ ફેલાઈ હતી જેથી ખેડૂતોની સાથે પશુપાલકો પણ ચોંકી ઉઠવાની સાથે પરેશાન બની ગયા હતા.

# રાજ્યમાં સ્વનિર્ભર શાળાઓ શરૂ કરવા સંચાલક મહામંડળ દ્વારા ઉગ્ર માંગ

### ઉત્તર ગુજરાતના દરેક જિલ્લામાં આવેદન અપાશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

સરકાર દ્વારા ટ્યુશન ક્લાસ, સરકારી સ્કુલો, શેરી શાળાઓ, ધાર્મિક સ્થળો સહિત વાણિજ્ય વ્યવસાયને કોવિડ ગાઈડલાઈન અનુસાર ખોલવાની મંજૂરી આપવામાં આવી છે પરંતુ ખાનગી શાળાઓ ખોલવા અંગે કોઈપણ કારણસર આંખ આડા કાન કરવામાં આવતાં સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ, ગુજરાત સમસમી ઉઠ્યું છે. આગામી ટૂંક સમયમાં રાજ્ય સહિત ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં સંચાલક મંડળ દ્વારા જિલ્લા કક્ષાએ આવેદનપત્ર આપી સરકાર સમક્ષ શાળાઓ ખોલવા માટે ઉગ્ર માંગ કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

ગુજરાત સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળના પ્રમુખ ભરત ગાજીપરાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે કોરોનાની બીજી લહેર પહેલાં શાળાઓ તબક્કાવાર ખોલવાની મંજૂરી આપવામાં આવી હતી જે અંગે ગુજરાતના તમામ સ્વનિર્ભર શાળા સંચાલકોએ પૂરતી તકેદારી સાથે કાળજી રાખી શાળાઓ શરૂ કરી હતી તે જ રીતે હવે કોરોનાનું સંક્રમણ ઘટ્યું છે અને સરકારે ટ્યુશન ક્લાસ તેમજ સરકારી શાળાઓ શરૂ કરવાની મંજૂરી આપી છે. ત્યારે ખાનગી શાળાઓને કેમ શરૂ કરવામાં વિલંબ થઈ રહ્યો છે..?? ધો.૯ થી ૧૨ ના વર્ષો અભ્યાસ માટે અત્યંત અગત્યના હોય છે અને દોઢ વર્ષ જેટલું પ્રત્યક્ષ શિક્ષણ નુક્સાનરૂપ સાબિત થઈ શકે છે જેથી સરકાર દ્વારા આ વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્યનો વિચાર કરી તાત્કાલિક ધોરણે સ્વનિર્ભર શાળાઓ શરૂ કરવા માટે નિર્ણય કરવો જોઈએ. આગામી ટૂંક સમયમાં સરકાર દ્વારા શાળાઓ શરૂ કરવા માટેનો નિર્ણય જાહેર કરવામાં નહીં આવે તો તા.૧૯ જુલાઈના રોજ શાળા સંચાલકો રાજ્ય સહિત ઉત્તર ગુજરાતના દરેક જિલ્લામાં આવેદન આપી ઉગ્ર માંગ કરશે તેમ છતાં સરકાર માંગણી નહીં સ્વીકારે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

## ઈડર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં વિધાનસભા પૂર્વ અધ્યક્ષના હસ્તે વૃક્ષારોપણ

ઈડરની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ અને આ વિસ્તારના વિકાસ માટે સતત પ્રયત્નશીલ પૂર્વ ધારાસભ્ય રમણલાલ વોરાના હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં એન.સી.સી. કેડેટ, કોલેજ સ્ટાફ તેમજ પૂર્વ ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, ગાંધીનગર પ્રભારી પી.સી.પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. વિધાનસભાના પૂર્વ અધ્યક્ષના હસ્તે યોજાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ રોપા વાવી વૃક્ષ ઉછેરનો સંકલ્પ લીધો હતો.